<u>બાનાખતનો કરાર</u>

લખાવી લેનાર .

એકતરફવાળા ઉંમર આશરે વર્ષ- , જાતે હિન્દુ, રહેવાસી-

.

(P.A.No.

જેમને આ બાનાખતના કરારમા તમો અગર લખાવી લેનાર અગર એકતરફવાળા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

લખી આપનાર **અંકુર વિકાસ મંડળ.**

બીજીતરફવાળા (P.A.No. AAEAA 5965 H)

જે ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ અન્વયે તારીખ-૧૨/૬/૧૯૮૦ ના રોજ અનુક્રમ નંબર-એન.ટી. સી.જી.૩૩૧ થી રજીસ્ટર્ડ થયેલ એસોસીએશન છે તેની વતી અને તરફથી તેના.

ચેરમેન :- **વિનોદભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિ.**

સેક્રેટરી :- **મીતેષભાઈ ડાહ્યાભાઈ ચાવડા.**

બંને પુખ્ત ઉંમરના, જાતે હિન્દુ, ઠેકાણુ-અંકુર એપાર્ટમેન્ટ, ડુંગરશીનગર વિભાગ-૨ પાસે, પાલડી, અમદાવાદ.

જેમને આ બાનાખતના કરારમા અમો અગર લખી આપનાર અગર બીજીતરફવાળા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં બીજીતરફવાળા-એસોસીએશનનો તથા તેના હાલના તેમજ વખતો વખતના ચેરમેન, સેક્રેટરી, કમિટી સભ્યોનો તથા તેઓના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થઈ જાય છે.

કન્ફરમીંગપાર્ટી ત્રીજીતરફવાળા	**મે. જી.બી. બીલ્ડર્સ.** (P.A.No. AAJFG 0617 N) એ નામની ભાગીદારી પેઢીની વતી તેના વહીવટકર્તા ભાગીદાર- **અરૂણભાઈ બાબુલાલ શાહ,** ઉંમર આશરે વર્ષ-૫૯, ધંધો વેપાર, જાતે હિન્દુ, ઠેકાણુ-સી/૨, જેઠાભાઈપાર્ક, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ. જેઓને આ બાનાખતના કરારમાં કન્ફરમીંગપાર્ટી અગર ત્રીજીતરફવાળા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં મે. જી.બી. બીલ્ડર્સ, એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તમામ ભાગીદારોનો તથા તેઓના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

૧.. જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના રેવન્યુ સર્વે નંબર-૬૨ પૈકી અને ટી.પી. સ્કીમ નંબર-૨૨ ના ફાઈનલ પ્લોટ નંબર-૨૫૯ ની ચોરસમીટર-૬૨૧ ની જમીન બીજીતરફવાળા-અંકુર વિકાસ મંડળની માલીકીની આવેલ છે અને સદર જમીન પાલડી, ડુંગરશીનગર વિભાગ-૨ પાસે આવેલ છે.

૨.. ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં અગાઉ બાંધવામાં આવેલ બાર ફલેટોનુ બાંધકામ અલગ અલગ વ્યક્તિઓ મજકુર એસોસીએશનના કાયદેસરના

સભ્ય તરીકે માલીકી હકકે ધારણ કરતા આવેલ જયારે સદર જમીનમાં તેવા અલગ અલગ બાર ફલેટ હોલ્ડરોનો મજકુર એસોસીએશનના સભાસદ તરીકે સરખો હકક હીસ્સો પોષાતો આવેલ.

૩.. મજકુર એસોસીએશનના દરેક સભાસદોએ પોતાના સભ્યપદના ફલેટનુ જુનુ બાંધકામ તોડી નાંખીને સદર જમીનમાં નવેસરથી રહેઠાણના ફલેટનુ બાંધકામ કરી આપવા અંગેનુ કામ યોગ્ય વ્યક્તિને સોંપવા અને અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના પ્રવર્તમાન બાયલોઝ તથા નીતી નિયમો મુજબ ૧ : ૨.૭ એફ.એસ.આઈ. મુજબ વધારાનુ જે કાંઈ બાંધકામ મળે તે બાંધકામના એફ.એસ.આઈ. ના હકકો તેવી વ્યક્તિને સભ્યપદ હકકથી સોંપવા બાબતમાં દરેક સભ્યોએ કરેલ નિર્ણયની સાથે મજકુર એસોસીએશન પણ સંમત થયેલ અને ત્યારબાદ ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાંનુ જુનુ બાંધકામ દુર કરવા તથા અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના વર્તમાન બાયલોઝ મુજબ પાયામાંથી નવેસરથી કુલ વીસ રહેઠાણના ફલેટોનુ બાંધકામ સંપૂર્ણ કરીને હાલના બાર સભાસદોને તેઓના ફલેટનો કબજો પરત સોંપવા અને વધારાના કુલ આઠ ફલેટો અંગે કોઈપણ વ્યક્તિને બીજીતરફવાળા-એસોસીએશનના સભાસદ તરીકે દાખલ કરીને ટ્રાન્સફર કરવા અંગે બીજીતરફવાળા-એસોસીએશન તથા એસોસીએશનના તમામ સભાસદોએ ભેગા મળીને સદર મીલકત તથા બીજીતરફ વાળા-એસોસીએશનની માલીકીની તમામ જમીન તથા જુના બાર ફલેટોનો ખાલી અને પ્રત્યક્ષ કબજો ત્રીજીતરફવાળાને સોંપેલ અને આ અંગે જરૂરી ડેવલોપમેન્ટ કરાર બીજીતરફવાળા-એસોસીએશન તથા તેના તમામ સભાસદો અને ત્રીજીતરફ વાળા વચ્ચે તારીખ-૧૨/૪/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ જે લેખ તે જ તારીખે

અમદાવાદના પાલડી વિભાગના મે.સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૨૩૮ થી નોંધવામાં આવેલ અને ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં સીડી, પેસેજ, લીફટ, માર્જીન વિગેરે સહીયારા રાખીને ત્રીજીતરફવાળાએ પોતાના ખર્ચે મંજુર થયેલ પ્લાન મુજબ કુલ વીસ ફલેટોનુ બાંધકામ કરેલ છે જે અંગેના પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને તારીખ-૨૧/૩/૨૦૧૬ ના રોજ કેસ નંબર-બીએલએનટીએસ/ડબલ્યુઝેડ/૩૧૧૨૧૫/જીડીઆર/એપપ૮૪/આર૦/એમ૧ અને રજાચિઠ્ઠી નંબર-૫૬૫૪/૩૧૧૨૧૫/એપપ૮૪/આર૦/એમ૧ થી મંજુર કરેલા છે અને સદર બાંધકામ “અંકુર એપાર્ટમેન્ટ” ના નામથી ઓળખાય છે.

૪.. સદરહુ નવી તૈયાર થયેલ યોજનાના કુલ વીસ ફલેટસ પૈકી બીજીતરફ વાળા-એસોસીએશનના જુના બાર સભાસદોને તેઓના જે-તે ફલેટનો કબજો સોંપવામાં આવશે અને તે સિવાયના બાકીના આઠ ફલેટસ અમો ત્રીજીતરફ વાળાએ પોતાના કબજે રાખી અમો ત્રીજીતરફવાળા પોતાની ઈચ્છા મુજબ ટ્રાન્સફર કરવા હક્દાર હોવાથી સદર “અંકુર એપાર્ટમેન્ટ” યોજનામાં પીલર ઉપરનો ......માળ/ફલોરનો ફલેટ નંબર-...... નુ બાંધકામ તથા ઉપર પેરા-૧ મા જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૨૦ મા ભાગનો હકક હીસ્સો એ રીતેની મીલકત તમો એકતરફવાળાએ લેવાનુ નકકી કરેલ જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં આપેલ છે અને બીજીતરફવાળા-એસોસીએશનના સભાસદ તરીકે સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને રૂા. અંકે રૂપિયા

પુરામાં એલોટ કરવાનુ નકઢકી કરેલ અને તેના બાનામાં રૂા.

અંકે રૂપિયા   પુરા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળા પાસેથી નીચેની વિગતે લીધા છે તે તમોને આ બાનાખતમાં મજરે આપેલ છે.

રૂા.   અંકે રૂપિયા   પુરાનો ચેક નંબર-
નો તારીખ-   /૭/૨૦૧૭ નો
નો ત્રીજીતરફવાળાએ
એકતરફવાળા પાસેથી લીધો છે તે અમોએ તમોને આ લેખમાં મજરે આપેલ છે.

અને બાકીની અવેજની રકમ એકતરફવાળા તથા ત્રીજીતરફવાળા વચ્ચે નક્કી થયા મુજબ એલોટમેન્ટ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય ત્યાં સુધીમાં તમો એકતરફ વાળાએ ત્રીજીતરફવાળાને ચુકતે ચુકવી આપવાની રહેશે.

૫.. ઉપર પેરા-૩ માં જણાવ્યા મુજબ સદર યોજનાના પ્લાન મંજુર થયા તારીખથી માસ-..... (.........) માં સદર યોજનાનુ બાંધકામ સંપૂર્ણ વપરાશલાયક સ્થિતીમાં ત્રીજીતરફવાળાએ પોતાના ખર્ચે અને જોખમે કરવાનુ રહેશે અને આ અંગે જરૂરી બી.યુ. પરમીશન પણ ત્રીજીતરફવાળાએ મેળવી આપવાની રહેશે આમ સદર સમય મર્યાદા તે આ લેખની રૂઈએની મુદત ગણાશે તેમ છતા સરકારશ્રી મારફતે જાહેર કરવામાં આવેલ નવા કાયદાઓની જોગવાઈઓના અમલીકરણ બાબતે પ્રવર્તતી અસ્પષ્ટતાને કારણે ઉપરોકત મુદતમાં સદર યોજના પૂર્ણ થઈ શકે નહિં તો તેવા સંજોગોમાં ત્રીજીતરફવાળાએ અદા કરવાની જવાબદારીઓના પાલનઅર્થે આ લેખની મુદત આપોઆપ વધેલી ગણાશે.

૬.. આ લેખની મુદત અંદર સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળા કહો તે જ વખતે તમારા નામનો લખી આપી રજીસ્ટર કરી આપીએ અને સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ તમો એકતરફવાળાએ ત્રીજીતરફવાળાને ચુકવી આપવાની રહેશે અને એલોટમેન્ટનો દસ્તાવેજ થયેથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો તમો એકતરફવાળાને ખાલી પ્રત્યક્ષ કબજો સોપીશુ અને આ લેખથી સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત કે તેના કોઈ ભાગનો તમોને કબજો સોપેલ નથી.

૭.. આ બાનાખતની મુદત અંદર સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો પાકો દસ્તાવેજ બાકીની અવેજની રકમ તમારી પાસેથી લઈને ત્રીજીતરફવાળા ના કરી કરાવી આપે તો તેવો એલોટમેન્ટ ડીડ કરાવી લેવા તમો કાયદેસર રીતે હકદાર છો.

૮.. આ બાનાખતની મુદત અંદર સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો પાકો એલોટમેન્ટનો દસ્તાવેજ બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ ચુકવવામાં તમો એકતરફવાળા નિષ્ફળ જાવ તો તેવા સંજોગોમાં આ લેખ રદબાતલ જાહેર કરવામાં આવશે અને સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે તમો એકતરફવાળાએ ત્રીજીતરફવાળાને જે રકમ ચુકવેલ હોય તે રકમમાંથી બાનાની રકમ ફોરફીટ કરવામાં આવશે જયારે બાકીની રકમ ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને વગર વ્યાજે પરત આપીશુ અને તે તારીખે આ લેખના

અનુસંધાનમાં રદ્દીકરણનો જરૂરી લેખ તમો એકતરફવાળાએ સહી કરી આપવાનો રહેશે અને ત્યારબાદ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત લેવા અંગે તમો એકતરફવાળાને કોઈ હકક રહેશે નહીં અને ત્યારબાદ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત ત્રીજીતરફવાળા કોઈપણ ત્રાહીત વ્યક્તિને એસાઈન કે ટ્રાન્સફર કરી શકીશુ.

૯.. આ બાનાખતની મુદત અંદર સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે એલોટમેન્ટનો દસ્તાવેજ કરવામાં આવે ત્યારે અમો બીજીતરફવાળા-એસોસીએશને તમો એકતરફવાળાને એસોસીએશનના સભ્ય તરીકે સ્વીકારવાના રહેશે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે એકતરફવાળાના નામે અલગ શેર સર્ટીફીકેટ આપવાનુ રહેશે.

૧૦.. સદર ''અંકુર એપાર્ટમેન્ટ'' માં હોલો પ્લીન્થ તથા બેઈઝમેન્ટમાં રાખવામાં આવેલ પાર્કિંગ સ્પેસનો તમો એકતરફવાળાએ સદર સ્કીમના તમામ સભ્યો સાથે સહીયારે સમજુતીથી હર હંમેશ ખુલ્લા પાર્કિંગ તરીકે ઉપયોગ કરવાનો રહેશે તેમજ સદર ''અંકુર એપાર્ટમેન્ટ'' માં ટોપ ફલોરની ઉપરનુ ટેરેસ એટલે કે ધાબુ તમો એકતરફવાળાને તમામ ફલેટ હોલ્ડર સાથે ખુલ્લા ટેરેસ તરીકે હર હંમેશ સહીયારે વાપર ઉપયોગ કરવાનો હકક રહેશે તેમજ સદર ''અંકુર એપાર્ટમેન્ટ'' માં સીડી, પેસેજ, લીફટ, બોર તેમજ પાણી અને ડ્રેનેજ વિગેરે સુવિધા તમો એકતરફવાળાએ સદર સ્કીમના તમામ સભ્યો સાથે સહીયારે ઉપયોગ કરવાનો રહેશે અને ઉપરોકત હકકો સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે

એલોટમેન્ટનો દસ્તાવેજ થયા બાદ જ તમો એકતરફવાળાને પ્રાપ્ત થશે અને ઉપરોકત હકકો તથા જવાબદારીઓની કિંમતનો સમાવેશ ઉપરોકત કિંમતમાં થઈ ગયેલ છે.

૧૧.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે સર્વિસ ટેક્ષ, વેટ અન્વયે વેરાની જે કાંઈ રકમ સરકારશ્રીને ત્રીજીતરફવાળાએ ચુકવેલ હોય તે રકમ તમો એકતરફવાળાએ ત્રીજીતરફવાળાને જુદી ચુકવી દેવાની રહેશે અને તેવી રકમ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે એલોટમેન્ટ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમો એકતરફવાળાએ ત્રીજીતરફવાળાને ચુકવી દેવાની રહેશે અને જીએસટી અન્વયે સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર વેરાની જવાબદારી પેટે જે કાંઈ રકમ સરકારશ્રીને ત્રીજીતરફ વાળાએ ચુકવેલ હોય તે રકમ પણ તમો એકતરફવાળાએ ત્રીજીતરફવાળાને જુદી ચુકવી દેવાની રહેશે.

૧૨.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો પાકો એલોટમેન્ટનો દસ્તાવેજ કરાવવાનું તમામ ખર્ચ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફી, એસોસીએશનની ટ્રાન્સફર ફી તથા અન્ય ખર્ચા વિગેરે તમો એકતરફવાળાએ ભોગવવાના રહેશે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે એ.એમ.સી.ના વરાડે ખર્ચ તથા ટોરેન્ટ પાવર લિમિટેડના વરાડે ખર્ચ વીગેરે અંગે નક્કી થયા મુજબની રકમ તમો એકતરફ વાળાએ ત્રીજીતરફવાળાને જુદી આપવાની રહેશે અને સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે બીજીતરફવાળા-એસોસીએશન નક્કી કરે તે મુજબની

મેઈન્ટેનન્સની રકમ એલોટમેન્ટ ડીડ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમો એકતરફવાળાએ બીજીતરફવાળા-એસોસીએશનને બારોબાર ચુકવવાની રહેશે અને તેમાં તમો એકતરફવાળાએ કાંઈપણ વાંધા તકરાર કરવાના નથી અને કરો તો તે આથી રદ ગણાશે.

૧૩.. સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમો એકતરફ વાળાએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને તે અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક ત્રીજીતરફવાળા મારફતે આપવામાં આવેલ અને તે બાબતે તમો એકતરફવાળાને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો એકતરફવાળા કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનુ બાંધકામ, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ, ઈલેકટ્રીક વાયરીંગ, નળ ગટરના જોડાણો તથા અન્ય વસ્તુઓની તમોએ તમારા એન્જીનીયર મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને આ અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક આપવામાં આવેલ આથી તે અંગે તમોને સંતોષ છે અને ત્યારબાદ જ સદર મીલકત તમોએ લેવાનુ નક્કી કરેલ છે તેમજ સદર યોજના અંગે બાંધકામ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે અને તેવા સ્પેસીફીકેશન મુજબના બાંધકામ અંગે ચાલુ યોજના દરમ્યાન કોઈપણ મેન્યુફેકચરીંગ કંપની બંધ થઈ જાય અને તેને કારણે અન્ય કંપનીનુ મટીરીયલ મંગાવવામાં આવે અને તેને કારણે કલર શેડ કે કવૉલીટીમાં કોઈપણ ફેર પડે તો તે અંગે ભવિષ્યમાં તમો એકતરફવાળાએ કોઈ વાંધો તકરાર લેવાનો નથી.

૧૪.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લેણા વિગેરેનો બોજો યા લાગભાગ કે હકક હીસ્સો નથી તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે કોઈપણ કોર્ટનો કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ નથી તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ જાતના કાયદેસરના પ્રોસીડીંગ્સ ચાલુ નથી.

આ બાનાખતના કરારનો દસ્તાવેજ આપણ ત્રણેયતરફવાળાએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી કરેલ છે તે આપણ ત્રણેયતરફવાળાને તથા આપણ ત્રણેયતરફવાળાના વંશ વાલી વારસોને કબુલ મંજુર સહી છે.

પરિશિષ્ટ

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે પાલડીની સીમના રેવન્યુ સર્વે નંબર-૬૨ પૈકી અને ટી.પી. સ્કીમ નંબર-૨૨ ના ફાઈનલ પ્લોટ નંબર-૨૫૯ ની ચોરસમીટર-૬૨૧ ની જમીન અંકુર વિકાસ મંડળ, એ નામના એસોસીએશનની આવેલી છે તે જમીનમાં “અંકુર એપાર્ટમેન્ટ” ના નામથી ઓળખાતી યોજના પૈકી પીલર ઉપરનો .... માળ/ફલોરનો ફલેટ નંબર-......, ચોરસમીટર-...... એટલે કે સમચોરસવાર-....... (બાહ્ય તથા આંતરીક દિવાલોના માપ સહીતનુ ક્ષેત્રફળ) અને ચોરસમીટર-....... એટલે કે સમચોરસવાર-....... કાર્પેટ એરીયા (આંતરીક દિવાલોના માપ સહીતનુ ક્ષેત્રફળ) મુજબના બાંધકામ સહીતની મીલકત તથા તેના અંગે જમીનમાં વગર વહેંચાયેલ ૧/૨૦ મા ભાગનો હક્ક હીસ્સો એ રીતેની

મીલકત અંકુર વિકાસ મંડળના સભાસદ તરીકે આથી એલોટ કરવાનુ નકકી કરેલ છે.

ફલેટ નંબર-..... વાળી મીલકતના ખુંટચારની વિગત.....

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી ફલેટ નંબર-..... વાળી મીલકત અસલ હદ હકકો મુજબની તમામ.

આજરોજ તારીખ- માહે-જુલાઈ સને-૨૦૧૭ ના દિને.

અત્રે----------------------------મતુ અત્રે------------------------શાખ.

<u>લખી આપનારની સહી.</u> -----------------------------

અંકુર વિકાસ મંડળ, ની વતી તેના.
ચેરમેન :- -----------------------------

સેક્રેટરી :-

<u>કન્ફરમીંગપાર્ટીની સહી.</u>
મે. જી.બી. બિલ્ડર્સ, એ નામની
ભાગીદારી પેઢીની વતી તેના
વહીવટકર્તા ભાગીદાર-

<u>લખાવી લેનારની સહી.</u>